


હસતું રમતું,
ભમતું ભમતું,
ઝરણું દોડતું આવે.

ખળખળ ખળખળ,
ખળખળ ખળખળ,
જળ મધૂરું લાવે.




બિલ્લી કરે મ્યાઉં મ્યાઉં

ઊંદરડાંને ખાઉં ખાઉં,

કૂતરો દેખી ભાગી જાય,

બાળક દેખી રાજી થાય.



સસલું ગાય
ઘાસ ખાય;

વાઘ, સિંહ
માંસ ખાય;


ચકલી, કબૂતર
દાણા ચણે;

મમ્મી મારી
રોટલી વણે.



શેરીમાં નાચે બબલુ,
વગાડે એ નાનું તબલું,


તબલું વાગે ઢમઢમ,
બબલુ નાચે છમછમ.



વર્તુળ, ચોરસ ને ત્રિકોણ
દોરશે કોણ? દોરશે કોણ?


લંબચોરસ ને પંચકોણ
દોરશે કોણ? દોરશે કોણ?

શંકુ, લંબગોળ ને ષટ્કોણ,
દોરશે કોણ? દોરશે કોણ?



આજનું કામ આજ કરી લ્યો,
કાલ કોણે દીઠી?

આળસને અલવિદા કહી દો,
નીંદર આવે મીઠી!



પંખી ઊડે, વિમાન ઊડે
કાગળ ઊડે, રોકેટ ઊડે;


બસ દોડે, મોટર દોડે
સાઈકલ દોડે, સ્કૂટર દોડે;

બાબો ચાલે, બેબી ચાલે
દાદા ચાલે, દાદી ચાલે.



સવારે હું વહેલો ઊઠું,
ઊઠીને હું બ્રશ કરું,

સ્નાન કરું, પૂજા કરું,
માત-પિતાને પ્રણામ કરું.



મોબાઈલથી છેટા રહો,
પુસ્તકો વાંચો, રમો, કૂદો,

ટી.વી.થી ભૈ છેટા રહો,
પુસ્તકો વાંચો, રમો, કૂદો,

લેપટોપથી છેટા રહો,
પુસ્તકો વાંચો, રમો, કૂદો.




વરસાદ આપે, ઠંડક આપે,
વૃક્ષો મારા મિત્રો છે;

ઊભા છે એ ગામના ઝાંપે,
વૃક્ષો મારા મિત્રો છે;

ફળ-ફૂલ ને છાંયો આપે
વૃક્ષો મારા મિત્રો છે;


હરિયાળી છે એના પ્રતાપે
વૃક્ષો મારા મિત્રો છે.



ઘર મોટું, બારણું નાનું,
અચરજ થાય, અચરજ થાય!

બારણું મોટું, તાળું નાનું,
અચરજ થાય, અચરજ થાય!

તાળું મોટું, ચાવી નાની,
અચરજ થાય, અચરજ થાય!



શિયાળો આવ્યો, શિયાળો આવ્યો,
શું શું લાવ્યો, શું શું લાવ્યો?

બંડી લાવ્યો, મફલર લાવ્યો
શાલ સાથે સ્વેટર લાવ્યો;


ગરમ ગરમ અથાણાં લાવ્યો
ઠંડી કેરા ગાણાં લાવ્યો.



આંખ, કાન, નાક, મોઢું
લાકડાં કરતાં કડક લોઢું;


કમર, ગળું, હાથ, ગાલ
મમ્મી કરે મને વહાલ;

ઢીંચણ, પગ, ખભો, એડી
રસ્તા કરતા નાની કેડી.




સરવાળો ને બાદબાકી,
કવિતા કરો પાકી,

ગુણાકાર ને ભાગાકાર,
યાદ કરો સૌ આકાર.



ધૂળથી બની ઈંટ,
ઈંટથી બની ભીંત,

ભીંતથી બન્યું ઘર,
ના લાગે હવે ડર.



જાડા જાડા હાથીભાઈ,
ધમધમ ધમધમ ચાલે,

લાંબી સૂંઢ, ટૂંકી પૂંછ
જંગલમાં જઈ મહાલે.



ખળખળ ખળખળ જાય નદી,
ગીત મધૂરાં ગાય નદી,

સૌની માતા કહેવાય નદી
પાણીથી પરખાય નદી.




સંતાકૂકડી, સંતાકૂકડી
ભાઈ રમે સંતાકૂકડી;

સંતાકૂકડી, સંતાકૂકડી
બહેન રમે સંતાકૂકડી;

સંતાકૂકડી, સંતાકૂકડી
ચકી રમે સંતાકૂકડી;

સંતાકૂકડી, સંતાકૂકડી
ચકો રમે સંતાકૂકડી.



હસતું બાળક, રમતું બાળક,
નાચતું બાળક, કૂદતું બાળક,

ચાલતું બાળક, દોડતું બાળક,
પડતું ને આખડતું બાળક,

આંગણામાં ફરતું બાળક,
મને, તમને ગમતું બાળક.



બાજરો ને બંટી
ઘરમાં એક ઘંટી;
ઘંટી દળે દાણા
ફળિયામાં છાણાં;
છાણાં નાખ્યાં ચૂલામાં,
આગ થઈ ચૂલામાં;
ચૂલા માથે તાવડી
બાજુમાં છે માવડી;

તાવડીમાં રોટલી
મમ્મી બાંધે પોટલી;

પોટલીમાં ધાણી
બહેન કહે હું રાણી.